# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

**તારીખ : 13-06-2024** **બપોરે : 2.30 થી 2.35pm**

**વાર : ગુરુવાર**

**આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર ચૈતાલી જોષી વાંચે છે.**

---

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી  સમાચાર પૂરા થયા)

## Geniben resigns

ગેનીબેન ઠાકોરે કોંગ્રેસના ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યું છે. તેમણે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીને રાજીનામું આપ્યું છે. તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં બનાસકાંઠા બેઠક પરથી જીત મળતાં તેમણે વાવ બેઠક પરથી ધારાસભ્ય તરીકે રાજીનામું આપ્યું છે. ઉલ્લેખનીય છે કે ગેનીબેને ભાજપના ઉમેદવાર ડૉ. રેખાબેન ચૌધરીને ભારે રસાકસી બાદ 30,406 મતોથી હરાવ્યા હતા. વાવ બેઠક ખાલી પડતાં હવે છ મહિનામાં વિધાનસભા પેટા ચૂંટણી યોજાશે.

## CM Cheque distribution

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે આજે રાજ્યની 8 મહાનગર પાલિકાઓ તેમજ 18 નગરપાલિકાઓના સર્વાંગી વિકાસ માટે કુલ રૂપિયા બે હજાર 111 કરોડના ચેક વિતરણ કરવામાં આવ્યા હતા.

જેમાં સૌથી વધુ 673 કરોડ રૂપિયા અમદાવાદ મહાનગર પાલિકાને આપવામાં આવ્યા હતા. જ્યારે અ વર્ગની નગરપાલિકાઓને ચાર કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે,,

**(બાઇટ-મુખ્યમંત્રી)**

## Monsoon and Valsad rain

હવામાન વિભાગે આજે રાજ્યમાં કેટલાંક જિલ્લામાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, ડાંગ, નવસારી, વલસાડ, તાપી જિલ્લા ઉપરાંત કેન્દ્રશાસિત દમણ, દાદરા અને નગર હવેલી ઉપરાંત સૌરાષ્ટ્રનાં અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને કેન્દ્રશાસિત દીવમાં છુટાછવાયા વિસ્તારોમાં પ્રતિ કલાક 30થી 40 કિલોમીટરની ઝડપે પવન ફુંકાવાની અને હળવો વરસાદ થવાની શક્યતા છે.

આવતી કાલે દક્ષિણ ગુજરાતનાં તમામ જિલ્લા, ઉપરાંત અમદાવાદ, આણંદ, પંચમહાલ, મહિસાગર, વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદની આગાહી છે.

રાજ્યમાં મોટાં ભાગનાં શહેરોમાં મહત્તમ તાપમાનમાં આંશિક ઘટાડો નોંધાયો છે. છેલ્લાં 24 કલાકમાં સૌથી વધુ 42 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન બનાસકાંઠાના ડીસા, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં નોંધાયું છે. જ્યારે કંડલા એરપોર્ટ અને વલ્લભવિદ્યાનગરમાં 41 ડિગ્રી, અમદાવાદ, ગાંધીનગર અને અમરેલીમાં 40 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. આ સિવાયના તમામ જિલ્લા અને શહેરોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રીથી ઓછું રહ્યું હતું.

અમારા વલસાડના પ્રતિનિધી નવીન પટેલ જણાવે છે કે, 6 જુનથી વલસાડ જિલ્લા સહિત સંઘ પ્રદેશ દમણ અને દાદરા નગરમાં વરસાદી માહોલ જામ્યો છે. આજે સવારે 6થી 10 વાગ્યા દરમિયાન વલસાડ તાલુકામાં 16 મિલિમીટર વરસાદ નોંધાયો હતો. અચાનક વરસાદ પડતા એપીએમસીમાં શાકભાજીના વેપારીઓ અને કેરી માર્કેટના વેપારીઓને ભારે હાલાકી પડી હતી.

## HAWAMAN - KUTCH

વર્ષાઋતુને ધ્યાનમાં રાખી હવામાન વિભાગ, ભારત સરકાર દ્વારા ‘સચેત એપ્લિકેશન’, 'મોસમ એપ્લિકેશન', 'દામિની એપ્લિકેશન', 'મેઘદૂત એગ્રો એપ્લિકેશન' અને 'પબ્લિક ઓબ્ઝર્વેશન એપ્લિકેશન-આઈ.એમ.ડી' જેવી એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે. .કચ્છ જિલ્લાના ખેડૂતો સહિત તમામ નાગરિકોને આ એપ્લિકેશન ડાઉનલોડ કરવા મામલતદાર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ દ્વારા અનુરોધ કરાયો છે. આ તમામ એપ્લિકેશન હવામાન વિભાગની વેબસાઈટ અને ગૂગલ પ્લે સ્ટોર ઉપર ઉપલબ્ધ છે. આ મોબાઈલ એપ્લિકેશન્સ વરસાદની આગાહી, વીજળીથી બચાવ, ખેતી માટે ઉપયોગી છે.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.**

**આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.**

**વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..**

## Porbandar Swarojgar shibir

પોરબંદર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔધોગિક તાલિમ સંસ્થા પોરબંદર, ખાતે 11 જૂનના રોજ “સ્વરોજગાર માર્ગદર્શન શિબીર” યોજવામાં આવી હતી. જિલ્લા ઉધોગ કેન્દ્ર અને લિડ બેંક દ્વારા સ્વરોજગાર માટેની યોજનાઓ, લોન, વાજપાઈ બેંકેબલ યોજના, મુદ્રા યોજના, માનવ કલ્યાણ યોજના સહિત સ્વ રોજગાર લક્ષી માહીતી આપી હતી. તાલીમાર્થીઓના ઉજ્જવળ કારકિર્દી બનાવવા માટે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શિબિરના અંતે તાલીમાર્થીઓના પ્રશ્નોનું સામાધાન આપવામાં આવ્યું હતું. રોજગાર અધિકારી ડી. એ. પરમારના માર્ગદર્શન હેઠળ આ સ્વરોજગાર શિબીરનું આયોજન થયું હતું.

## Valsad School Van Strike

RTO દ્વારા સ્કૂલ વાન અંગે નવા નિયમો લાગુ પાડતા સ્કૂલવાન ચાલકોમાં નારાજગી જોવા મળી  છે. વલસાડ જિલ્લા 800થી વધુ સ્કૂલવાન સંચાલકોએ શાળાકીય સત્ર શરૂ થવાનાં પ્રથમ જ દિવસે સામૂહિક હડતાળ પાડવાનો નિર્ણય કર્યો છે. સ્કૂલ વાન સંચાલકો ઉપર લગાવવામાં આવેલા અંકુશને લઈને વાલીઓ ઉપર ભારણ પડે તેમ છે, જેને લઈને વલસાડ જિલ્લાના 800 જેટલા સ્કૂલ વાન ચાલકો પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ ન આવે ત્યાં સુધી હડતાળ પર ઉતર્યા છે. આને કારણે વાલીઓ અને વિદ્યાર્થીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

સ્કૂલ વાન ચાલકની બુધવારે સાંજે મળેલી બેઠકમાં સ્કુલ વાન અંગેનાં નવા નિયમોનો વિરોધ કરવામાં આવ્યો હતો. તેમનાં જણાવ્યા પ્રમાણે ટેક્સી પાસિંગ, વિદ્યાર્થીઓની બેસવાની વ્યવસ્થા, ભાડાં વધારો વગેરેને કારણે વાલીઓ પર ભારણ વધશે.